પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૬૩ | ૫ ડિસેમ્બર, ૨૦૧૯, ગુરૂવાર; માગસર સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# શહેરી વિસ્તારમાં હેલ્મેટ મરજિયાત

**હાઈવે પર હેલ્મેટ ફરજિયાત રાખવાનો રાજ્ય મંત્રીમંડળનો નિર્ણય : રાજ્યભરમાં યુવાનો દ્વારા રાજ્ય સરકારના નિર્ણયને આવકાર**



ગાંધીનગર, તા.૪

વાહનચાલકો માટે અત્યંત આકરા દંડના કડક ટ્રાફિકના નિયમો અમલમાં આવ્યા બાદ એક બહુ મોટી રાહતના સમાચાર આવ્યા છે. ગુજરાત સરકારે બુધવારે કેબિનેટની બેઠકમાં નિર્ણય લીધો છે કે, હવેથી મહાનગરપાલિકા (મ્યુનિસિપલ કોર્પોરેશન) અને નગરપાલિકા તથા મ્યુનિસિપાલિટીની હદમાં આવતા એટલે કે શહેરી-અર્ધશહેરી વિસ્તારોમાં ટુ-વ્હીલરચાલક માટે હેલ્મેટ પહેરવું મરજિયાત કરાશે. આમ શહેરી કે અર્ધ-શહેરી વિસ્તારમાં કોઈ પણ ટુ-વ્હીલરચાલક હેલ્મેટ પહેર્યા વિના વાહન ચલાવશે તો તેને ટ્રાફિક પોલીસ દંડ કરી શકશે નહીં. આમ, શહેરી અને અર્ધશહેરી વિસ્તારમાં ટુ વ્હીલર ચાલકોને હેલ્મેટ પહેરવામાંથી મુકિત મળી ગઈ છે. જેને પગલે અમદાવાદ શહેર સહિત રાજયભરના કરોડો ટુ વ્હીલર ચાલકોમાં ભારે ખુશી અને આનંદની લાગણી પ્રસરી ગઈ છે. અલબત્ત, હાઈવે પર ટુ-વ્હીલરચાલકો માટે હેલ્મેટ પહેરવું ફરજિયાત રહેશે અને તે નિયમનું પાલન નહીં કરનારને આકરો દંડ પણ કરાશે. ઉલ્લેખનીય છે કે, શહેરી વિસ્તારમાં ટ્રાફિકના કારણે આમેય ટુ-વ્હીલરની ગતિ ભાગ્યે જ કલાકના ૫૦ કિ.મી.થી ઉપર

● અનુસંધાન પાન-૭ પર

## કૂપવાડા અને બાંદીપોરામાં બરફના તોફાનનો કેર: ૪ જવાન શહીદ

શ્રીનગર,તા.૪

ઉત્તર કાશ્મીરના અનેક વિસ્તારમાં મંગળવારે આવેલા બરફના તોફાનમાં ૪ જવાનો શહીદ થયા છે. મંગળવારે કૂપવાડા જિલ્લાના તંગધર સેક્ટરમાં સેનાની એક પોસ્ટ બરફના તોફાનમાં સપડાઈ હતી. ત્યારબાદ અનેક જવાનો લાપત્તા હોવાનું કહેવાયું હતું. સેનાના સૂત્રોના જણાવ્યાં મુજબ આ ઘટનામાં ભારતીય સેનાના ૩ જવાનોના મોત થયા છે. જ્યારે બાંદીપોરાના ગુરેજ સેક્ટરમાં આર્મી પેટ્રોલિંગ ટુકડી બરફના તોફાનની ચપેટમાં આવતા એક જવાન શહીદ થયો હોવાના અહેવાલ છે.

ઉત્તર કાશ્મીરના અનેક વિસ્તારોમાં મંગળવારે મોડી સાંજે હિમસ્ખલનની ઘટનાઓ સામે આવી હતી. કાશ્મીરના કૂપવાડા અને બાંદીપોરા જિલ્લામાં થયેલી હિમસ્ખલનની અલગ અલગ ઘટનાઓમાં કેટલાક જવાનો ગુમ થયા હતાં. લાપત્તા જવાનોની શોધમાં સેનાની એઆરટીને લગાવવામાં આવી હતી.


હાલમાં જ સિયાચીન ગ્લેશિયરમાં થયેલી અલગ અલગ હિમસ્ખલનની ઘટનાઓમાં અનેક જવાનોએ પોતાના જીવ ગુમાવ્યાં હતાં.

## પૃથ્વી-૨ મિસાઈલનું સફળ પરીક્ષણ

**૧,૦૦૦ કિલો શસ્ત્રો લઇ જવા સક્ષમ મિસાઇલ છે**

ચાંદીપુર,તા.૪

ભારતે પૃથ્વી ટુ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હોવાની જાહેરાત કરવામાં આવી હતી. આ મિસાઈલ એક સાથે એક હજાર કિલો શસ્ત્રો લઈ જઈ શકે છે.



અગાઉ ૨૦ નવેંબરે પણ રાત્રે આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ મિસાઈલ સંપૂર્ણપણે સ્વદેશી સામગ્રીથી તૈયાર કરાયું હતું. એ અણુશક્તિ સંચાલિત હથિયારોનો પણ ઉપયોગ કરી શકશે.

ઓરિસાના ચાંદીપુર યુનાઈટેડ ટેસ્ટ રેંજ ખાતેથી આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સંબંધિત સૂત્રોએ કહ્યું કે આ મિસાઈલ ૩૫૦ કિલોમીટર દૂર રહેલા શત્રુને પણ ઠાર કરી શકે છે. ભારતીય લશ્કરના સ્ટ્રેટેજિક ફોર્સ કમાન્ડે આ મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. ભારતીય લશ્કર આ મિસાઈલ શી રીતે વાપરી શકે એની ચકાસણી કરવા માટે આ ટેસ્ટ યોજાયો હતો.

## ચિદમ્બરમના શરતી જામીન મંજુર

**કોઇ પ્રેસ ઇન્ટરવ્યુ-જાહેર નિવેદન ન કરવા સુપ્રીમ કોર્ટનો આદેશ : ૨૧મી ઓગષ્ટે ધરપકડ કરવામાં આવ્યા બાદ ભૂતપૂર્વ નાણામંત્રી ચિદમ્બરમ ૧૦૬ દિવસથી જેલમાં હતા : આજે સંસદ સત્રમાં હાજરી આપે તેવા એંધાણો**



નવી દિલ્હી, તા. ૪

સમગ્ર દેશને હચમચાવી ચર્ચાસ્પદ આઈએનએક્સ મિડિયા મની લોન્ડરિંગ કેસમાં પૂર્વ નાણાંપ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમને સુપ્રીમ કોર્ટે આખરે શરતી જામીન આપી દીધા હતા. જો કે તેમને કેટલીક કઠોર શરતોને પાળવી પાડશે. જેના ભાગરૂપે મિડિયામાં કોઈ માહિતી આપી શકશે નહીં. સાથે સાથે સાક્ષીઓને પ્રભાવિત કરવાના કોઈ પ્રયાસ કરી શકશે નહીં. ૧૦૬ દિવસ સુધી જેલમાં રહ્યા બાદ ચિદમ્બરમની હવે મુક્તિ થઈ છે. એમ માનવામાં આવે છે કે આવતીકાલે ગુરૂવારના દિવસે ચિદમ્બરમ સવારે ૧૧ વાગે સંસદની કામગીરીમાં સામેલ થઈ શકે છે. જસ્ટીસ આર ભાનુમતિના

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**આલ્ફાબેટના સીઈઓ બનતા સુંદર પિચાઈ**

દુનિયાની દિગ્ગજ ટેક કંપની ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ હવે ગૂગલની પેરન્ટ કંપની આલ્ફાબેટના સીઈઓ બની ગયા છે. ગૂગલના કો-ફાઉન્ડર્સ લેરીપેજ અને સર્ગી બ્રેનના રાજીનામા બાદ તેઓ ગૂગલ અને આલ્ફાબેટ બંનેના સીઈઓ બની ગયા છે.

**દિલ્હીમાં ફ્રી વાઈફાઈ**

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પોતાનો ચૂંટણી વાયદો પૂર્ણ કર્યો છે. કેજરીવાલે કહ્યુ છે કે ૧૬ ડિસેમ્બરથી દિલ્હીના લોકોને હવે ફ્રી વાઈફાઈ મળશે.

**ઓમપ્રકાશ ચૌટાલાના ફાર્મહાઉસ પર દરોડો**

હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી અને ઈનેલોના સુપ્રિમો ઓમપ્રકાશ ચૌટાલાના સિરસા સ્થિત ફાર્મહાઉસ પર એન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટે દરોડો પાડ્યો હતો. તેઓ હાલમાં જેબીટી ભરતી કૌભાંડમાં દસ વર્ષની સજા કાપી રહ્યા છે.

**ડિઝલ હવે ઘેર બેઠા મળશે**

અત્યાર સુધી ઓનલાઈન યા એપ દ્વારા વિવિધ ચીજવસ્તુઓ મંગાવાતી હતી પરંતુ હવે મોબાઈલ પેટ્રોલ પંપની સેવા શરૂ થઈ છે. બીપીસીએલે નોઈડામાં સૌપ્રથમ આ સેવા શરૂ કરી છે.

## નાગરિક સુધારા બિલને કેબિનેટની મંજૂરી

**પાકિસ્તાન-અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશથી આવેલા બિન-મુસ્લિમ નાગરિકોને રાહત મળશે : કેબિનેટની મંજૂરી મળતાં હવે આ બિલને સંસદના વર્તમાન સત્રમાં જ રજૂ કરાશે : બિલ મંજૂર થતાં ત્રણ મુસ્લિમ દેશોમાંથી આવેલા હિન્દુ-શીખ-ક્રિશ્ચયન-પારસી,બૌદ્ધ વગેરેને મળશે ભારતનું નાગરિકત્વ,આ દેશોમાંથી આવેલા મુસ્લિમોને બાકાત રખાતા સંસદમાં ભારે હોબાળાની શક્યતા**

ન્યુ દિલ્હી,તા.૪

કેન્દ્રની ભાજપ સરકારે, પોતાના ચૂંટણી વચનના પાલન માટે સંસદમાં નાગરિક સુધારા બિલને ફરીથી રજૂ કરવાનો માર્ગ મોકળો કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને આજે અત્રે મળેલી કેબિનેટ બેઠકમાં નાગરિકત્વ સુધારા બિલ-૨૦૧૯ને મંજૂરી આપી હતી. જે સંસદના વર્તમાન સત્રમાં જ રજૂ કરાશે. આ બિલમાં મુસ્લિમ રાષ્ટ્ર બાંગ્લાદેશ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં યાતના સહન કરનારા બિન-મુસ્લિમ એવા હિંદુઓ, શીખ, બૌદ્ધ, જૈનો, પારસીઓ અને ખ્રિસ્તીઓને ભારતીય રાષ્ટ્રીયતા આપવા માટે નાગરિકતા અધિનિયમ ૧૯૫૫ માં સુધારો કરવાની જોગવાઈ છે. ભલે તેઓની પાસે ભારત આવવા માટેના મુસાફરીના દસ્તાવેજો પૂરતાં અને યોગ્ય ન હોય તો પણ મોદી સરકાર તેમને ભારતના કાયમી નાગરિક બનાવવા માંગે છે. આ બિલને મુદ્દે સંસદમાં મુસ્લિમો સાથે ભેદભાવનો દાવો કરીને ભારે ઉહાપોહ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ખાસ કરીને પૂર્વોત્તરના રાજ્યોમાં આ બિલની સામે વિરોધ છે. કલમ ૩૭૦ બાદ આ મુદ્દે સંસદમાં ભારે હોબાળો મચી શકે છે.

સૂત્રોએ જણાવ્યું કે પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનના બિન-મુસ્લિમોને ભારતનું નાગરિકત્વ આપવાના વિવાદાસ્પદ ખરડા(બિલ)ને બુધવારે કેબિનેટની મંજૂરી મળી છે, જેમાં ચાલુ શિયાળુ સત્ર દરમિયાન સંસદમાં તેની રજૂઆત માટેનો તબક્કો ગોઠવવામાં આવ્યો છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતાવાળી કેન્દ્રીય પ્રધાનમંડળે બિલને મંજૂરી આપી દીધી હતી, જે શાસક ભાજપના ૨૦૧૯ ના ચૂંટણી ઢંઢેરાનો એક ભાગ હતો. જેમાં જણાવાયું હતું કે તે "દમનથી પિડાતા પડોશી દેશોના ધાર્મિક લઘુમતી સમુદાયોના વ્યક્તિઓનાં રક્ષણ" માટે કાયદા બનાવવા માટે તેમની સરકાર નિર્ણય કરશે.



કેન્દ્રીય માહિતી અને પ્રસારણ પ્રધાન પ્રકાશ જાવડેકર દ્વારા તેની માહિતી આપવામાં આવી હતી. તેમણે ખાતરી આપી કે આ બિલ સામે ઉત્તર-પૂર્વી રાજ્યોના કેટલાક ભાગોમાં વિરોધ પ્રદર્શિત થવા છતાં પણ, તેમની સરકાર "તમામ હિતો, ભારતના હિતો" નું ધ્યાન રાખવા તત્પર છે. જાવડેકરે બિલની વિગતો આપવાનો ઈનકાર કરતાં કહ્યું કે સંસદ સમક્ષ "આવતી કાલે અથવા બીજા દિવસે" તે રજૂ થશે ત્યારે સૌ કોઈ તે જાણી શકાશે.

તેમણે આ અંગે યોજાયેલી પત્રકાર પરિષદમાં કહ્યું કે "જ્યારે બિલની વિગતો બહાર આવશે ત્યારે મને ખાતરી છે કે બધાં તેનું સ્વાગત કરશે. કેમ કે તે કુદરતના હિતમાં છે, તે રાષ્ટ્રના હિતમાં છે. તે કોઈની વિરુદ્ધ નથી."

## વ્યાજદરમાં ફેરફાર મામલે આજે સમીક્ષા બેઠકમાં નિર્ણય

મુંબઈ, તા.૪

આરબીઆઈની પોલિસી સમીક્ષાની બેઠક હાલમાં ચાલી રહી છે. વ્યાજદર, સીઆરઆરમાં કોઈ ફેરફાર કરવામાં આવશે કે કેમ તે અંગે ગુરૂવારના દિવસે નિર્ણય કરવામાં આવનાર છે. આ બેઠક પર તમામ અર્થશાસ્ત્રીઓ અને બેંકરો દ્વારા નજર કેન્દ્રિત કરી દેવામાં આવી છે. બેઠકમાં આરબીઆઈનુ વલણ શુ રહેશે, કેશ રિઝર્વ રેશિયો ઘટાડી દેવામાં આવશે કે કેમ અને વ્યાજદર ઘટાડી દેવામાં આવશે કે કેમ તે અંગે નિર્ણય કરવામાં આવનાર છે. જો કે મોટા ભાગના અર્થશાસ્ત્રી માને છે કે રેટ હાલમાં યથાવત રાખવામા આવનાર છે. મિટિંગ હાલમાં ચાલી રહી છે. આ બેઠકના પરિણામ પાંચમી ડિસેમ્બરના દિવસે જાહેર કરવામાં આવશે. આરબીઆઈના ગવર્નરના નેતૃત્વમાં આ મહત્વપૂર્ણ બેઠક શરૂ થઈ છે. જેના ઉપર તમાની નજર કેન્દ્રિત થઈ ગઈ છે.

## હૈદરાબાદ ગેંગરેપ મામલે ખાસ કોર્ટની રચના કરવા નિર્ણય

**ઝડપથી સુનાવણી કરી આરોપીઓને સજા કરાશે**

હૈદરાબાદા, તા. ૪

હૈદરાબાદમાં મહિલા તબીબ સાથે બળાત્કાર અને ત્યારબાદ તેની ઘાતકી હત્યાના મામલામાં સુનાવણી કરવા મહેબુબનગરમાં કોર્ટની ટૂંક સમયમાં જ રચના કરવામાં આવનાર છે. મહેબુબનગર જિલ્લા અદાલતમાં ટૂંકમાં જ એક ખાસ કોર્ટની રચના કરાશે. ગેંગરેપના આ જઘન્ય મામલામાં ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી ચુકી છે. આ તમામ ચારેય આરોપી હાલમાં ન્યાયિક કસ્ટડીમાં છે. ઉલ્લેખનીય છે કે, તેલંગાણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવે મામલામાં ફાસ્ટટ્રેક કોર્ટની રચના કરીને ઝડપથી તપાસ કરવાનો આદેશ કરી દીધો છે. મુખ્યમંત્રીનું કહેવું છે કે, સમગ્ર મામલાની તપાસ તેજી સાથે કરવામાં આવે તે જરૂરી છે.

**ગાંધીનગર માટે**

આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી

**ફક્ત ફોન કરો**

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

## પોલીસ કોન્સ્ટેબલ માટે ખાસ તાલીમ વર્ગ

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગર દ્વારાપોલીસ કોન્સ્ટેબલની આગામી ભરતી માટે રાજપૂત સમાજના દિકરા-દિકરીઓ માટે ખાસ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવેલ છે. જેની નોંધણી અને સેમીનાર તા. ૧૦/૧૨/૨૦૧૯ના રોજ સવારે ૧૦-૦૦ વાગે સેક્ટર-૧૭ કાર્યાલય ખાતે રાખેલ છે. જેમાં ફોટો, ID પ્રુફ, રૂ. ૧૦૦૦/- સાથે દરેકે હાજર રહેવા વિનંતી છે. વધુ વિગત તે દિવસે આપવામાં આવશે. તાલીમ માટે જુદા-જુદા વિષયના નિષ્ણાંત, માર્ગદર્શકો આવશે.

**સંપર્ક : કાર્યાલય : ૦૭૯-૨૩૨૨૬૪૪૪, ૯૪૨૯૯ ૭૩૪૫૬**

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

યુરોપ હવે આપના બજેટમાં

The Europe Carnival

ONLY FOR ₹99,999 + GST થી શરૂ

નહીં કોઈ એક્સટ્રા કિંમત છુપા ખર્ચ | ૧૦૦% પારદર્શિતા જેન્યુન પેકેજ

10% ડિસ્કાઉન્ટ દરેક બુકીંગ ઉપર સંપૂર્ણ પેમેન્ટ 15-12-19 પહેલા કરવામાં આવે તો

ફ્રી નામ ટ્રાન્સફર 2 વખત 26-1-2020 અથવા તે પહેલા

50% ની છૂટ ૧ બાળક માટે બેડ વગર બુકીંગ અને પેમેન્ટ 15-12-2019 પહેલા કરવા માં આવે તો

EMI ઉપર કોઈ ખર્ચ નહી બુકીંગ અને પેમેન્ટ 15-12-2019 પહેલા કરવા માં આવે તો

ફ્રી બુકીંગ 2 વર્ષ સુધીના બાળક નું 15-12-2019 પહેલા પેમેન્ટ કરવામાં આવે તો

ફ્રી ગોવા પેકેજ 3N/4D

R K VACATIONS PVT. LTD.

SUMMER 2020 IN EUROPE

+91 955 84 955 84

+91 79 40 40 35 35

**પ્રથમ માસિક અશ્રૃભિની શ્રદ્ધાંજલિ**



**સ્વ. પટેલ સોનલબેન મેહુલભાઈ**

સ્વ. તા. ૫-૧૧-૨૦૧૯, મંગળવાર

તૂટ્યું આભ, ફાટી ધરતી,
કાળની આ તે કેવી ગતિ ?
સૂના થઈ ગયા ઘરનાં આંગણીયા,
સૂની થઈ ગઈ ઘરની દિવાલો.
વિદાય એવી લીધી કે સૌના કાળજા કંપાવી ગયા,
મન હજુ માનતું નથી કે તમે અમારા વચ્ચે નથી.

પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

ફર્મ : કેપિટલ ફ્લેક્ષ બેનર્સ ગાંધીનગર.